નોબત સંગત

આ પ્રકારની ઉજવણીઓ વૈજ્ઞાનિક મહત્ત્વ સાથે આપે છે સામાજિક સંદેશ...

# હળછઠ્ઠ, ગણેશોત્સવ અને સંવત્સરિ... આપણું સાંસ્કૃતિક ગૌરવ...





**'ગણપતિ બાપ્પા મોરિયા'ની ગુંજથી ઉજવાતો ગણેશોત્સવ હવે દેશવ્યાપી અને સાર્વજનિક બન્યો છે, જે ભગવાન ગણેશજીની જન્મતિથિ છે**





**'મિચ્છામિ દુક્કડમ્'ના શબ્દો સાથે ક્ષમાયાચનાનો દિવસ એટલે સંવત્સરિ**

શ્રાવણવદ અષ્ટમીની એ મેઘીલી રાત હતી, જ્યારે કારાવાસમાં દેવકીજીની કૂખેથી વસુદેવજીને ત્યાં કૃષ્ણજન્મ થયો હતો. દર વર્ષે શ્રાવણ, ભાદરવો અને આસો મહિનો ગુજરાતમાં એવા તહેવારોની શ્રેણી લઈને આવે છે, જે આપણી બહુવિવિધા સંસ્કૃતિની વિશેષતા દર્શાવે છે. શ્રાવણ મહિનો શિવમય હોય છે, અને તે પછી ઉજવાતો ગણેશોત્સવ પણ હવે માત્ર મહારાષ્ટ્ર નહીં, ગુજરાત સહિત દેશવ્યાપી બન્યો છે. આ સમયગાળા દરમિયાન જૈન સંવત્સરિ આવે છે, અને બલરામ જયંતી પણ ઉજવાય છે. આ તમામ તહેવારોની શ્રેણી સાથે આપણી વૈષ્ણવ, શૈવ, માતૃશક્તિ અને શ્રદ્ધા, ભક્તિ અને તપશ્ચર્યાની અગત્યતા, પૌરાણિકતા અને સાતત્યતા પ્રગટ થાય છે. આપણે જે તહેવારો હળીમળીને ઉમંગ-ઉલ્લાસથી ઉજવતા રહીએ છીએ, તે તમામ તહેવારોની પાછળ એક ગૂઢ સંદેશ અને વૈજ્ઞાનિક તથ્યો પણ છૂપાયેલા હોય છે.

**બલરામ જયંતી-હળ છઠ્ઠ**

આપણા દેશમાં ભાઈ-બહેનના પવિત્ર પ્રેમનું પ્રતીક રક્ષાબંધન ઉજવાય છે, અને તે પછી બરાબર ૬ ઠ્ઠા દિવસે બલરામ જયંતી ઉજવાય છે. બલરામજી શ્રીકૃષ્ણથી મોટા હતાં, અને તેમનો જન્મદિવસ ઉજવાય, તે પછી શ્રાવણવદ અષ્ટમીના દિવસે 'ગુજરાતમાં જન્માષ્ટમી ઉજવાય છે.' ભગવાન શ્રીકૃષ્ણના મોટાભાઈ તરીકે પ્રચલિત બલરામજીને બાળદેવજી, ત્રિકમરાયજી, હળપતિજી તરીકે પણ ઓળખવામાં આવે છે. બલરામજી હળ ધારણ કરતા હતાં. બલરામજીની જયંતીના દિવસો હળછઠ્ઠની ઉજવણી થાય છે, અને ખેડૂતો હળની પૂજા કરે છે, તો શ્રદ્ધાળુઓ હળધારી બલરામજીનું પૂજન કરે છે. આ ઉજવણી કૃષિવર્ધન સાથે સંસ્કૃતિને અદ્ભુત રીતે જોડે છે.

હળછઠ્ઠનું વ્રત ભારતમાં જુદા જુદા સ્થળે જુદી જુદી તારીખે મનાવાતું હોવા છતાં તેનું મહાત્મય સમાન છે, અને તેને બલરામ જયંતી સાથે સાંકળવામાં આવે છે. ગુજરાતમાં હળછઠ્ઠ ઓછી પ્રચલિત છે, અને ઘણાં લોકો બલરામજી અને છઠ્ઠમાતાની પૂજા કરીને દીર્ઘાયુષ્ય, સંતાનપ્રાપ્તિ અને સુખ-સમૃદ્ધિની પ્રાર્થના કરે છે. આ દિવસે વ્રતધારી મહિલાઓ હળથી ખેડેલું અનાજ અને ગાયના દૂધથી બનેલી ચીજવસ્તુઓ ખાતી નથી. હળછઠ્ઠનું વ્રત અને તે દિવસે હળ સહિત કૃષિ ઓજારોનું પૂજન જ્યાં જ્યાં થાય છે, ત્યાં ઉત્સવ જેવો માહોલ હોય છે. આ વર્ષે ઉત્તર ભારતમાં હળછઠ્ઠનું વ્રત ૧૪ ઓગસ્ટે ઉજવાયું હતું, જ્યારે પશ્ચિમ ભારતના રાજ્યો સહિત ઘણાં સ્થળે ૨૯ ઓગસ્ટે બલરામ જયંતીનો ઉત્સવ પણ ઉજવાયો હતો.

આપણા દેશમાં ઘણાં રાજ્યોમાં પૂર્ણિમાથી પૂર્ણિમા વચ્ચે વિક્રમ સંવત અનુસાર મહિનો ગણાય છે, જ્યારે ગુજરાત સહિત કેટલાક રાજ્યોમાં અમાવસ્યાથી અમાવસ્યા વચ્ચે મહિનો ગણવામાં આવે છે. તેથી કેટલીક ઉજવણી તથા વ્રતો ભિન્ન ભિન્ન તિથિ-તારીખ મુજબ ઉજવાતા હોય છે, પરંતુ તેનો પૌરાણિક સંદર્ભ, મહાત્મય અને વિધિ એકસમાન રહે છે.



**ગણેશોત્સવ**

આપણાં દેશમાં પ્રવર્તમાન પ્રકારના ગણેશોત્સવનો પ્રારંભ ધર્મભક્તિ અને દેશભક્તિના સંયોજન સાથે મહારાષ્ટ્રમાં સ્વાતંત્ર્ય ચળવળ દરમિયાન લોકમાન્ય બાલગંગાધર તિલકે વર્ષ ૧૮૯૩ માં બ્રિટિશ શાસન સામેની લડતમાં વધુને વધુ લોકોને જોડવા માટે કરી હતી, તેથી ગણેશચતુર્થીથી દસ દિવસ સુધી ઉજવાતો આ તહેવાર ધાર્મિક અને રાષ્ટ્રીય મહત્ત્વ ધરાવે છે. સાર્વજનિક રીતે ઉજવાતો આ તહેવાર હવે ગુજરાતના ગામડાઓ સુધી પ્રચલિત બન્યો છે.

ગણેશોત્સવ સામાન્ય રીતે ગણેશના જન્મદિન ગણેશચતુર્થીથી શરૂ થાય, અને અનંત ચતુર્દશી સુધી ચાલે અને તે દરમિયાન એકી દિવસોમાં વિસર્જન થાય, એટલે કે ત્રણ, પાંચ, સાત, નવ દિવસ સુધી ગણેશ પૂજન કરીને મંડળો કે ઘરોમાં સ્થાપિત ગણપતિજીની પ્રતિમાનું વિસર્જન કરવાની જુદા જુદા વિસ્તારોની અલગ-અલગ પરંપરાઓથી આપણે બધા વાકેફ જ છીએ.

આ વર્ષે ૨૭ ઓગસ્ટથી ૬ સપ્ટેમ્બર દરમિયાન ગણેશોત્સવ ઉજવાશે, અને રાષ્ટ્રીય-ધાર્મિક તથા સામાજિક સંદેશને અનુરૂપ જુદી જુદી થીમ સાથે ઊભા કરાયેલા ગણેશપંડાલોનું આ વર્ષે રાજ્ય સરકાર દ્વારા જિલ્લા અને મહાનગર પાલિકા કક્ષાએ સ્પર્ધાત્મક માપદંડો સાથે નિરીક્ષણ કરીને શ્રેષ્ઠ અગ્રીમ હરોળના પંડાલોને પ્રોત્સાહન આપવાની યોજના પણ જાહેર કરી છે. આપણે ગણેશ ઉત્સવોના માધ્યમથી રાષ્ટ્રીય એકતા, સદ્ભાવના અને શાંતિનો સંદેશ વહેતો થતો નિહાળી શકીએ છીએ.

આ વર્ષે ગણેશોત્સવોમાં સ્વાભાવિક રીતે જ 'ઓપરેશન સિંદૂર'ની થીમ સાથે ઘણાં સ્થળે અવનવા સુશોભનો તથા વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ રહી છે. ગણેશોત્સવના ધાર્મિક મહત્ત્વને લગતી ઘણી જ પ્રચલિત કથાઓ પણ વર્ણવાઈ રહી છે. ગણેશજીને બુદ્ધિ, ચાતુર્ય અને સમૃદ્ધિના દેવતા પણ કહેવામાં આવે છે અને કોઈપણ શુભ મંગલ કાર્ય, નવા સાહસ, ઉદ્ઘાટન, ભૂમિપૂજન, ધર્મકાર્ય, યજ્ઞ કે કથા સમયે ગણેશજીનું સૌ પ્રથમ સ્થાપન કરવામાં આવે છે. લોકમાન્ય તિલકે ગણેશોત્સવ પ્રચલિત બનાવ્યો તે પહેલા શિવાજીના માતા જીજીબાઈએ કસ્બામાં ગણપતિ સ્થાપ્યા હતાં, તેવી એક કથા પણ પ્રચલિત છે. હવે ગણેશોત્સવ દેશવ્યાપી સાર્વજનિક તહેવાર બની ગયો હોઈ, આજે દેશભરમાં ગણેશજી છવાયેલા જોવા મળે છે.

**મિચ્છામિ દુક્કડમ્**

દર વર્ષે જૈન સમાજ દ્વારા પર્યુષણ પર્વની ઉજવણી થાય છે, જેના અંતિમ દિવસે સંવત્સરિ ઉજવાય છે. આ દિવસે જૈન સમાજના લોકો પરસ્પર 'મિચ્છામિ દુક્કડમ્' કરીને જાણતા-અજાણતા થયેલા દોષ કે પાપો બદલ ક્ષમાયાચના કરે છે. હવે તો આ શબ્દપ્રયોગો સાથે દેશવાસીઓ ધર્મ-સંપ્રદાયથી પર ઊઠીને પણ એકબીજાને ક્ષમાયાચના કરે છે.

**પર્યુષણ પર્વ**

પર્યુષણ પર્વ સામાન્ય રીતે ૮ થી ૧૦ દિવસ સુધી ઉજવાય છે. આ જૈન સમાજનું આધ્યાત્મિક પર્વ છે. ભાદરવા મહિનામાં આવતું આ પર્વ જૈનલોકો માટે ધ્યાન, ઉપવાસ, સ્વાધ્યાય, ધાર્મિક અનુષ્ઠાનો તથા તપશ્ચર્યાનું હોય છે, જે દરમિયાન તેઓ આત્મશુદ્ધિ કરે છે અને સર્વમંગલ માંગલ્યની કામના પણ કરે છે. આત્મચિંતન, આત્મિયતા તથા આત્મશાંતિના ઉદ્દેશ્યો માટે પર્યુષણ પર્વ ઉજવાય છે.

આ વર્ષે ૨૧-૦૮થી શરૂ થયેલું પર્યુષણ પર્વ શ્વેતાંબર જૈન સમાજ દ્વારા ૮ દિવસ મનાવવાની પરંપરા મુજબ ઉજવાયું જ્યારે દિગંબર જૈન સમાજ દ્વારા ૧૦ દિવસની પરંપરા મુજબની ઉજવણી થઈ રહી છે.

પર્યુષણના પહેલા દિવસે ક્રોધનિયંત્રણ, બીજા દિવસે મનની પવિત્રતા અને મધુરતા, ત્રીજા દિવસે વચનબદ્ધતા અને લક્ષ્ય નિર્ધારણ, ચોથા દિવસે વાણીનિયમન અથવા મૌનવ્રત, પાંચમા દિવસે સ્વાર્થરહિત જીવન, છઠ્ઠા દિવસે ધીરજ અને સંયમ, સાતમા દિવસે નકારાત્મકતા નિષેધ, આત્મસંયમ અને તપશ્ચર્યા, આઠમા દિવસે જ્ઞાન અને ભોજનના દાનનો મહિમા, નવમા દિવસે નિઃસ્વાર્થ જીવન અને દશમા દિવસે આત્મશુદ્ધિ તથા સદ્ગુણોના વિષયો પર ચિંતન, વ્યાખ્યાનો સાથે બોધ અપાય છે.

પર્યુષણ પર્વને જીવન માટે પથદર્શક તથા ક્ષમાભાવ, દયાભાવ અને પવિત્રતાના સંદેશને વહેતો કરવાનું માધ્યમ ગણવામાં આવે છે. ચાલો, આપણે પણ સૌ કોઈને ઉદ્દેશીને કહીએ... 'મિચ્છામિ દુક્કડમ્...'

**હળછઠ્ઠ અથવા બલરામ જયંતીનો બહુહેતુક સંદેશ અને વિવિધાસભર ઉજવણીનું અનોખું મહાત્મય છે**

**વિનોદ કોટેચા, એડવોકેટ**

**મન હોય તો માળવે જવાય**

# મેજર ધ્યાનચંદ જન્મદિનઃ નેશનલ સ્પોર્ટસ ડે



ભારતીય હોકીના પ્રેરક અને દિગ્ગજ ખેલાડી મેજર ધ્યાનચંદનો જન્મ ૨૯ મી ઓગસ્ટ-૧૯૦૫ ના દિવસે હાલના પ્રયાગરાજ (યુ.પી.) માં થયો હતો. બુનિયાદી શિક્ષણ મેળવ્યા પછી તેઓ વર્ષ ૧૯૨૨ માં ભારતીય (બ્રિટિશ) સેનામાં સિપાહી તરીકે જોડાયા હતાં. ત્યાં સુબેદાર મેજર તિવારીની પ્રેરણાથી હોકી રમવાનું શરૂ કર્યું હતું.

હોકીમાં શ્રેષ્ઠ પ્રદર્શનના કારણે મેજર ધ્યાનચંદને વર્ષ ૧૯૨૭ માં લાંસ નાયકનો હોદ્દો મળ્યો. તે પછી વર્ષ ૧૯૩૨ માં નાયક અને વર્ષ ૧૯૩૬ માં સુબેદાર બન્યા. તે વર્ષે તેમણે ભારતીય હોકી ટીમની કેપ્ટનશીપ સંભાળી. તે પછી તેઓ લેફ્ટનન્ટ બન્યા અને અંતે તેઓ મેજર બની ગયા. તેઓ એવા મહાન હોકી પ્લેયર હતાં કે તેમની હોકીમાં અડતા જ દડો ગોલમાં પહોંચી જતો હતો, જેથી તેઓને 'ગોલમેકર' અને 'હોકીના જાદુગર' પણ કહેવામાં આવ્યા હતાં.

એવું કહેવાય છે કે, મેજર ધ્યાનચંદના આ જાદુઈ ક્ષમતાના કારણે એક વખત તેઓ જે હોકીથી રમતા, તેને તોડીને ચકાસણી કરાઈ હતી કે તેમાં ચુંબકત્વ જેવી કોઈ કરામત તો કરાઈ નથી ને? જો કે, કાંઈ નીકળ્યું નહોતું, અને ટીકાકારોની બોલતી બંધ થઈ ગઈ હતી.

મેજર ધ્યાનચંદ ત્રણ વખત હોકીમાં ઓલિમ્પિક સ્પર્ધામાં ગોલ્ડમેડલ્સ (તે જમાનામાં) જીત્યા હતાં, તે હોકીટીમમાં મુખ્ય ખેલાડી તરીકે સામેલ હતાં. વર્ષ ૧૯૩૬ ના બર્લિન ઓલિમ્પિકમાં તેઓને ભારતીય હોકી ટીમના કેપ્ટન બનાવ્યા હતાં. મેજર ધ્યાનચંદે વર્ષ ૧૯૨૬ થી વર્ષ ૧૯૪૮ સુધીમાં પોતાની કારકિર્દીમાં હોકીની રમતમાં ૪૦૦ થી વધુ આંતરરાષ્ટ્રીય ગોલ કર્યા હતાં, જ્યારે તેમની સ્થાનિક, રાષ્ટ્રીય સહિતની કારકિર્દીમાં તો તેમણે ૧૦૦૦ (એક હજાર) થી પણ વધુ ગોલ કરીને અભૂતપૂર્વ સિદ્ધિ હાંસલ કરી હતી.

મેજર ધ્યાનચંદને વર્ષ ૧૯૫૬ માં આઝાદ ભારતની સરકારે પદ્મભૂષણનો ખિતાબ આપ્યો. વર્ષ ૧૯૭૯ માં મેજર ધ્યાનચંદના નિધન પછી ભારતીય ટપાલ વિભાગે તેઓના સન્માનમાં ટપાલ ટિકિટ જાહેર કરી હતી અને દિલ્હીના એક સ્ટેડિયમનું નામ 'મેજર ધ્યાનચંદ સ્ટેડિયમ' રખાયું. વર્ષ ૨૦૨૧ માં ભારતના સર્વોચ્ચ ખેલસન્માનનું નામકરણ મેજર ધ્યાનચંદને સાંકળીને 'મેજર ધ્યાનચંદ એવોર્ડ' કરાયું. આ એવર્ડ દર ચાર વર્ષે ઉત્તમ દેખાવ કરનાર એથ્લેટ્સોને અપાય છે.

**રાષ્ટ્રીય ખેલ દિવસ**

દર વર્ષે ૨૯ મી ઓગસ્ટે રાષ્ટ્રીય ખેલ દિવસ અથવા નેશનલ સ્પોર્ટસ ડે મનાવાય છે. આ ઉજવણી પણ મેજર ધ્યાનચંદના જન્મદિનને સાંકળીને કરવામાં આવે છે. આ દિવસે રાષ્ટ્રપતિના હસ્તે ભારતના સર્વશ્રેષ્ઠ ખેલાડીઓને અર્જુન પુરસ્કાર, દ્રોણાચાર્ય પુરસ્કારથી પણ સન્માનિત કરવામાં આવે છે. આ દિવસે 'ફિટ ઈન્ડિયા' સહિતના અભિયાનો પણ દેશભરમાં ચલાવાય છે અને ખેલસંસ્કૃતિ સાથે જાહેર આરોગ્ય અને જન-તંદુરસ્તીનો સંગમ રચાય છે.

# જાતિ ગણતરી સાથે નવું ભારત

## આરક્ષણ, સામાજિક ન્યાય અને રાજકારણ પર અસર






ભારત એક વિશાળ દેશ છે, જ્યાં સંસ્કૃતિ, ભાષા, ધર્મ અને સમાજની વિવિધતામાં જાતિ સૌથી મહત્ત્વપૂર્ણ પરિબળ છે. આપણા સમાજનું માળખું મોટા ભાગે જાતિ આધારિત છે અને સામાજિક, આર્થિક તેમજ રાજકીય જીવનમાં તેની અસર અવિશ્વસનીય છે. તેથી જનગણના જેવી પ્રક્રિયામાં જાતિની ગણતરી થવી કે ન થવી માત્ર આંકડાનો પ્રશ્ન નથી, પરંતુ તે સમાજના ભવિષ્યને ઘડતા નીતિ-નિર્ણયોનું મૂળ આધાર છે.

૧૯૫૧ની વસ્તીગણતરી બાદ ભારતમાં જાતિ આધારિત ગણતરી બંધ થઈ ગઈ હતી. ત્યારબાદથી વિવિધ સરકારોએ આરક્ષણની નીતિઓ, કલ્યાણકારી યોજનાઓ અને સામાજિક ન્યાયના પગલાં માટે અંદાજો, અર્ધપક્વ અહેવાલો અને જૂની ગણતરીઓ પર આધાર રાખવો પડ્યો. આથી વારંવાર પ્રશ્નો ઊભા થતા રહ્યા કે સરકાર પાસે ચોક્કસ આંકડા જ નથી, તો પછી આરક્ષણની નીતિ ન્યાયસંગત રીતે કેવી રીતે અમલમાં આવી શકે? હવે કેન્દ્ર સરકારે નવી જનગણનામાં ઓબીસી સહિત તમામ જાતિઓની ગણતરી કરવાની દિશામાં પગલાં ભર્યા છે. આ એક ઐતિહાસિક નિર્ણય છે, જે ભારતના સામાજિક અને રાજકીય દ્રશ્યપટ પર ગહન અસર કરશે.

આરક્ષણની વ્યવસ્થા પર તેનો પ્રભાવ સીધો પડશે. અત્યાર સુધી ઓબીસી અને અન્ય વર્ગોની વાસ્તવિક વસતી કેટલી છે તે અંગે માત્ર અંદાજ હતો. હવે એકવાર સચોટ આંકડા બહાર આવશે, તો આરક્ષણની ટકાવારી અંગે નવી ચર્ચા શરૂ થશે. જો જાણવા મળશે કે ઓબીસીનો હિસ્સો અગાઉના અંદાજ કરતા વધુ છે, તો તેમની આરક્ષણની માંગ પણ વધશે. આથી શિક્ષણક્ષેત્ર, સરકારી નોકરીઓ અને ચૂંટણીઓમાં ટકાવારીના પુનઃવિચારની માંગ ઊભી થશે. બીજી તરફ, કેટલીક જાતિઓને લાગે કે તેમના હકકમાં ઘટાડો થઈ રહ્યો છે, તો સમાજમાં તણાવ ઊભો થવાની પણ શક્યતા છે.

સામાજિક ન્યાયની દૃષ્ટિએ જોવામાં આવે તો જાતિ ગણતરી ખૂબ જ જરૂરી છે. ઘણા પછાત વર્ગો વર્ષોથી એવી ફરિયાદ કરતા આવ્યા છે કે સરકારની યોજનાઓમાં તેઓની અવગણના થાય છે કારણ કે તેમની વાસ્તવિક સ્થિતિ દર્શાવતો કોઈ દસ્તાવેજ કે આંકડો નથી. હવે જનગણના દ્વારા આ સ્પષ્ટ થઈ જશે કે સમાજના કયા વર્ગો ખરેખર સૌથી પછાત છે. આથી સરકાર પોતાની યોજનાઓને વધુ ચોક્કસ રીતે આ વર્ગો સુધી પહોંચાડી શકશે. ઉદાહરણ તરીકે, જો જાણવા મળશે કે કોઈ ખાસ જાતિ કે ઉપજાતિ શિક્ષણ કે આરોગ્યમાં ખૂબ પાછળ છે, તો સરકાર તેમને કેન્દ્રમાં રાખીને વિશેષ યોજનાઓ ઘડી શકશે.

**જાતિ ગણતરીના આંકડા ભવિષ્યમાં થનારી ડિલીમિટેશન પ્રક્રિયા પર પણ અસર કરશે**

રાજકારણમાં જાતિની ગણતરીથી સૌથી મોટો પ્રભાવ દેખાશે. ભારતીય રાજકારણમાં જાતિ હંમેશાં નિર્ધારક રહી છે. ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગીથી લઈને ચૂંટણી પ્રચારના મુદ્દાઓ સુધી, જાતિની ગણતરીનો સીધો પ્રભાવ છે. હવે નવા આંકડાઓ પ્રકાશમાં આવતા જ રાજકીય પક્ષો પોતાની રણનીતિ બદલશે. ઉત્તર ભારતના રાજ્યોમાં ઓબીસી મતદારોની સંખ્યા ભારે પ્રમાણમાં છે, તેથી ત્યાં તો રાજકીય સમીકરણો સંપૂર્ણપણે બદલાઈ શકે છે. દક્ષિણ અને પશ્ચિમ ભારતના રાજ્યોમાં પણ જ્યાં સ્થાનિક જાતિ આધારિત પક્ષો પ્રબળ છે, ત્યાં આ આંકડા ચૂંટણીની ગતિ બદલી શકે છે.



અહીં એક મહત્ત્વનો મુદ્દો એ પણ છે કે જાતિ ગણતરીના આંકડા ભવિષ્યમાં થનારી ડિલીમિટેશન પ્રક્રિયા પર પણ અસર કરશે. લોકસભાની સીટોના પુનર્વિતરણમાં જો જાતિ આધારિત આંકડાઓનો ઉપયોગ થશે તો તે સંઘીય માળખા માટે નવા પડકારો ઊભા કરી શકે છે. કેટલાક રાજ્યોમાં વસ્તી વૃદ્ધિ વધુ છે, કેટલાકમાં ઓછી છે. જો જાતિ આધારિત વસ્તીના આંકડાઓ ઉમેરાશે તો રાજ્યો વચ્ચે પ્રતિનિધિત્વનો અસંતુલન ઊભો થઈ શકે છે, જે સંવિધાનિક સંતુલન માટે ચિંતાનો વિષય બની શકે છે.

તેમ છતાં આ સાથે પડકારો પણ ઓછા નથી. સૌપ્રથમ, ડિજિટલ જનગણના થવાને કારણે વ્યક્તિગત માહિતીની સુરક્ષા એક મોટો મુદ્દો બનશે. લોકોની જાતિની માહિતી જો રાજકીય હિત માટે દુરૂપયોગ થશે તો તે સમાજમાં નવા તણાવો ઊભા કરી શકે છે. બીજું, એક અગત્યનો પ્રશ્ન એ પણ છે કે ફક્ત જાતિ આધારિત આંકડા પરથી ન્યાય આપવો યોગ્ય છે કે નહિ? શું માત્ર જાતિના આધારે કોઈ વર્ગને આરક્ષણ આપવું પૂરતું છે કે પછી આર્થિક પરિસ્થિતિ, શિક્ષણમાં પાછળ પડતર, આરોગ્ય જેવી બાબતોને પણ સમાન રીતે માપદંડ બનાવવી જોઈએ? આ ચર્ચા આગલા સમયમાં વધુ તીવ્ર બનશે.

વર્ષોથી ચાલતા આવતાં આરક્ષણના મુદ્દે આંકડાઓની ખામી હંમેશાં ચર્ચાનો વિષય રહી છે. હવે જો આંકડાઓ જાહેર થશે તો ઘણા સવાલોના જવાબ મળશે, પરંતુ નવા પ્રશ્નો પણ ઊભા થશે. એક તરફ આ પગલું સમાજના પછાત વર્ગોને સાચો ન્યાય આપશે, તો બીજી તરફ તે રાજકીય લાભ માટે હથિયાર પણ બની શકે છે.


આખરે કહી શકાય કે જાતિ ગણતરી માત્ર આંકડાની પ્રક્રિયા નથી, પરંતુ તે ભારતના ભવિષ્યનો સામાજિક અને રાજકીય નકશો છે. જો આંકડાનો ઉપયોગ પારદર્શિતા, સમાનતા અને ન્યાય માટે થશે તો તે ખરેખર સામાજિક ન્યાય તરફનું ક્રાંતિકારી પગલું સાબિત થશે. પરંતુ જો તેનો દુરુપયોગ થશે તો તે નવા વિવાદો, અસંતોષ અને વિસંગતિઓ ઊભી કરશે. ભારતનું ભવિષ્ય હવે એ પર આધારિત છે કે આપણું લોકશાહી તંત્ર આ આંકડાનો ઉપયોગ કેટલો જવાબદારીપૂર્વક કરે છે.

**ધ્વનિ લાખાણી**

**કાનૂનનો કાંઠો ધ્વનિની કંઠે**

**એડવોકેટ, ગુજ. હાઈકોર્ટ**

# આમાં ગણપતિ બાપા ક્યાંથી રીજે?



છેલ્લા ૧૫ દિવસથી ગણપતિ બાપ્પાને વધાવવાની તૈયારીઓ અમારા ફ્લેટમાં શરૂ થઈ ગઈ હતી.

જુદી જુદી કમિટીઓની રચના કરવામાં આવી હતી. મૂર્તિ પર્ચેસ કમિટી, ડેકોરેશન કમિટી, પ્રસાદ કમિટી, આરતી કમિટી, પ્રોગ્રામ કમિટી, જેમ જેમ કમિટીઓની રચના થતી ગઈ તેમ તેમ ગંભીર મુખમુદ્રા ધારણ કરી કમિટીના ચેરમેનો પોતાના સભ્યોને અલગ અલગ ખૂણામાં લઈ ચર્ચાઓ કરવા લાગ્યા.

જનરેશન ઝેડ જેને આપણે ઝેન ઝી કહીએ છીએ તે ખુન્નસ ખાઈ અને વડીલો સામે જોઈ રહ્યા હતા. મેં પરિસ્થિતિ પામી અને તેમની વચ્ચે જઈ અને પૂછ્યું, "શું વાત છે કેમ તમે કોઈ મૂડમાં નથી દેખાતા?" ઉપરવાસમાં ખૂબ વરસાદ થયો હોય અને ડેમ ઉપર સુધી ભરાઈ જાય પછી થોડોક દરવાજો ખોલે અને જે પાણીનો પ્રવાહ ચાલુ થાય કેમ એક સાથે ધાણી ફૂટ શબ્દો આવવા લાગ્યા. જામભાઈ જમાદાર નો નાનકો ચકુ ચતુર તરત જ બોલ્યો,

"તમને વડીલોને કોઈ આયોજન કરતા આવડતું નથી. મુખ્ય કમિટી તો તમે બનાવી જ નહીં."

માથાભારે ગીતાબેન ગંભીરનો દીકરો મન્યો કૂદયો "સોશિયલ મીડિયા કમિટી બનાવી? કેવું લાગશે જ્યારે ઈન્સ્ટાગ્રામ, ફેસબુક કે વોટ્સએપ સ્ટોરીમાં કે સ્ટેટસમાં આપણા ગણપતિ દેખાશે નહીં?"

શાંતિલાલની ૧૨મુ નાપાસ જીગલીએ તાન છેડ્યો, "વડીલોને તો કાંઈ ન હોય પરંતુ અમારી કોમ્યુનિટી અમને ક્યારેય માફ ન કરે. ગણપતિને લઈ અને એક પણ પોસ્ટ ન હોય તો તેટલું ઓકવર્ડ અને બેકવર્ડ ફિલ થાય?"

મેં તરત જ બધા વડીલોને બોલાવી અને કહ્યું કે "આ છોકરાઓ આપણા ગણપતિના પ્રચાર અને પ્રસારની જવાબદારી લેશે. એટલે સોશિયલ મીડિયા કમિટી આ લોકોને સોંપીએ છીએ."

અડધા સાંભળતા અને અડધા ન સાંભળતા વડીલોએ 'મેં કાંઈ કીધું છે તો વ્યવસ્થિત હશે' એમ માની અને હાથ ઊંચા કરી સંમતિ આપી દીધી.

નિકી, બબ્બુ, ટોની, રાજુ, જીગલી, ચકુ, મન્યો, ઓસ્કાર એવોર્ડમાં ફિલ્મ મૂકવાની હોય અને જેટલી ગંભીરતાથી ચર્ચા થતી હોય તેટલી જ ગંભીરતાથી માંડ્યા ચર્ચા કરવા લાગ્યા.

સ્ટેડી શોટ કોણ લેશે?, ટ્રોલી શોટમાં કોની માસ્ટરી છે?, ગીમ્બલ શુટ કોણ કરશે? સૌ પોતપોતાના ઇન્સ્ટા એકાઉન્ટમાં પોતાનું વર્ક દેખાડી સારામાં સારૂં કામ દેખાડવાની ગેરંટી લેતા હતા.

વડીલોની કમિટીમાં મૂર્તિ કેવડી પસંદ કરીશું? કેટલા બજેટમાં જઈશું? પ્લાસ્ટર ઓફ પેરિસની કે માટીની મૂર્તિ લેવી?

બહેનોની કમિટીમાં ડેકોરેશન કેવું કરશું કોના ઘરે શું પડ્યું છે અને કઈ રીતે લગાડી શકાય તેની ચર્ચાઓ થવા લાગી વોટ્સએપ ગ્રુપ બની ગયા અને તેમાં શું સારૂં લાગશે શું નહીં ધડાધડ ફોટા મુકવા લાગ્યા.

લેડીઝુ કોણ પ્રસાદ બનાવશે તેની જવાબદારી એકબીજા પર નાખી રહી હતી.

જેન્ટ્સુ ભૂતકાળના પ્રશ્નોમાં કોણ નડતરરૂપ હતું તે પ્રમાણે ચોકઠા ગોઠવી વિરોધ કરી રહ્યા હતા.

તમામ કમિટીમાં વિવાદ ચાલી રહ્યો હતો. વાતાવરણ ધીમે ધીમે ઉગ્ર થતું ગયું. મારે વચ્ચે પડવું પડ્યું અને "આવતીકાલે ગણપતિ બાપાને લઈ આવવાના છે બધું ઘી ના ઠામમાં ઘી પડી જશે તેવું સમજાવી બધાને ઘરે રવાના કર્યા."

સૌ પોતપોતાની રીતે તૈયારીમાં લાગી ગયા હતા.

બહેનોએ સરસ મજાનું ડેકોરેશન કરી લીધું, પ્રસાદના થાળ આવી ગયા, ખાલી પંડાલથી માંડી અને ઉપસ્થિત ભક્ત સમુદાયની રીલ બનવા માંડી.

બહેનોમાં અને છોકરાઓમાં ઉત્સાહ હતો પરંતુ વડીલો મોટાભાગે એકબીજાને પીઠ દેખાડી બેઠા હતા. મોઢા ચડાવી મનમાં ગણગણતા હતા.

પોણા ૧૧નું મુરત છે બાપાનું સ્થાપન કરવા મેં વડીલોને કહ્યું કે "ચાલો ગણપતિ બાપા ને વાજતે ગાજતે લઈ આવીએ."

બધા એકબીજા સામે જોતા હતા કારણ કે મૂર્તિ કેટલા ફૂટની? પ્લાસ્ટર ઓફ પેરિસની કે માટીની? તેમાં એટલી ઉગ્ર ચર્ચા થઈ ગઈ કે એકબીજાને કહી દીધું 'તમારે જેમ કરવું હોય એમ કરો.' અને આ મગજમારીમાં કોઈએ કાંઈ કર્યું ન હતું.

બધી તૈયારી પછી ગણપતિબાપા જ ભૂલાઈ ગયા હતા. ખરેખર ગણપતિ ઉત્સવ છે તે રિદ્ધિ અને સિદ્ધિના ઓવારણા લેવાનો ઉત્સવ છે, વિઘ્નહર્તા દેવ છે, અને એવા ઘરે જ રાજી ખુશીથી બાપા પધારે જ્યાં ખુલ્લા મને, રાગ દ્વેષ વગર, સંપૂર્ણ ભક્તિ ભાવથી તેમને આવકાર મળે. બાપાએ અમારા વડીલોને ચમત્કાર દેખાડી દીધો. બધાના મોઢા વિલા થઈ ગયા. એકબીજાની માફી મંગાઈ, બગીચામાં જઈ માટીનો પિંડો તૈયાર કર્યો અને એક જ કલાકમાં સરસ મજાના ગણપતિ બાપા તૈયાર કરી ભક્તિ ભાવથી સેવા પૂજા કરી તેમની સ્થાપના કરી.

**વિચારવાયુ: ગણપતિ બાપાઃ એ'લા તમે પણ ખરા છો. રિસાયેલા ફૂવાને મનાવવા એક મહિનો સાચવી શકો. અને હું બધી રીતે અનુકૂળ, સુખ સમૃદ્ધિ આપુ, છતાં દસ દિવસે મને પાછા ધકેલી દો છો.' આવતા વર્ષે આવજો'**

**એ'લા આવ્યો છું તો રહેવા દે ને તને ક્યાં નડું છું?**

**મિલન ત્રીવેદી**

**મિલન 'મસ્ત'ની મસ્તી**